CITY PULSE
ગુજરાતમિત્ર
શુક્રવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫

email: citypulse@gujaratmitra.in



LifeStyle Trends

ઉત્સવપ્રિય સુરતીઓ આમ તો દરેક તહેવાર હર્ષોલ્લાસથી ઉજવે છે. દિવાળી પાંચ દિવસનો તહેવાર હોવા છતા મન નથી ભરાતું. આમ તો દિવાળીની પારંપરિક ઉજવણીઓ સાથે આપણે પણા સમયથી પ્રિ-દિવાળી પાર્ટીઝનો ટ્રેન્ડ તો જોયો જ છે. ઘણા સુરતીઓ એવા પણ છે જેઓ આખી દિવાળીમાં બિઝનેસમાં વ્યસ્ત હોવાથી અથવા બીજા કારણોસર સેલિબ્રેશન્સ નથી કરી શકતા અને ત્યારે મોજીલી સુરતી પ્રજા ઉજવણી કરવાનો રસ્તો શોધી જ લે છે અને તે છે પોસ્ટ દિવાળી સેલિબ્રેશન. ઘણા લોકો શાંતિથી દિવાળી પછી આ પર્વની મજા માણે છે અને એકદમ દિવાળી જેવો જ અદ્દલ માહોલ ઊભો કરી સેલિબ્રેટ કરે છે. તો ચાલો આપણે પણ આ પોસ્ટ દિવાળી પાર્ટીઝમાં એક લટાર મારી આવીએ.....

## પોસ્ટ દિવાળી સેલિબ્રેશન પણ થાય છે ધમાકેદાર

# દિવાળી ગઈ પણ ઊજવણી ચાલુ રહેવી જોઈએ

### પોસ્ટ દિવાળી સેલિબ્રેશન કરીને બીજા દિવસે ફરવા નીકળી પડે



માનસી ઠાકર જણાવે છે કે અમારું 15 કપલ્સનું ગ્રુપ છે. બધા જ સ્કૂલ-કોલેજના સમયના ફ્રેન્ડ્સ છે. દિવાળીના દિવસ સુધી બધા બિઝનેસમાં વ્યસ્ત હોય અને દિવાળીના દિવસે પરિવાર સાથે પૂજામાં કે દિવાળીના નાસ્તા બનાવવામાં બિઝી હોય એટલે ફ્રેન્ડ્સ ગ્રુપ પ્રી-દિવાળી સેલિબ્રેશન પણ નથી કરી શકતા અને દિવાળીના દિવસે પણ નથી મળી શકતા એને કારણે અમે 6-7 વર્ષથી પોસ્ટ દિવાળી સેલિબ્રેશન કરીએ. આ સેલિબ્રેશન ભાઈબીજના બીજા દિવસે હોય અને આ પાર્ટી થયા બાદના પછીના દિવસે ફેમિલી, રિલેટિવ્ઝ સાથે ફરવા નીકળી પડીએ. હવે તો અમારા બાળકો પણ ફ્રેન્ડ્સ બની ગયા છે અને તેઓ પણ આ પાર્ટીને એન્જોય કરે છે. અમે રંગોળી કરીએ, ટ્રેડિશનલ નાસ્તા એન્જોય કરીએ અને બાળકો સાથે ફટાકડા ફોડીએ. આ વખતે આ પાર્ટી મારી ફ્રેન્ડ સાનવી સવાણીના ઘરે આયોજિત કરવામાં આવી હતી જેમાં વિધિ ઠક્કર, મનાલી કંથાયરીયા, સચિન પાટીલ તથા બીજા ફ્રેન્ડ્સ હતાં.

### અનોખું વ્હીસલીંગ (સિસોટીથી) સિંગીંગ કરી સેલિબ્રેશન કર્યું

શૈલેષભાઈ કાપડીયાએ જણાવ્યું કે અમારું 30થી 32 જણાનું ગ્રુપ છે. દિવાળીમાં ઘરે ગેસ્ટ આવતા હોય, રિલેટિવ્ઝને ત્યાં સાલમુબારક કરવા જવાનું હોય. એવામાં મિત્રોને દિવાળી પર મળવાનું નથી થતું એટલે કેટલાંક વર્ષ પહેલાં અમે મિત્રોએ દિવાળી પછી પોસ્ટ દિવાળી સેલિબ્રેશન કરવાનું નક્કી કર્યું. અમારા ગ્રુપમાં મોટાભાગના સિનિયર સિટીઝન્સ છે. અમે દિવાળી પછી કોઈ એક મિત્રના ઘરે કે પછી ફાર્મ હાઉસ પર ભેગા થઈ પોસ્ટ દિવાળી સેલિબ્રેશન કરીએ. અમારો આવા સેલિબ્રેશનનો મુખ્ય ઉદ્દેશ્ય દરેકને પોતાનું ટેલેન્ટ બતાવવા મોકો આપવો. પાર્ટીમાં મેં મારા મિત્રો રાજુભાઈ કમલેશભાઈ, જનકભાઈ તથા બીજા મિત્રો સાથે મળી કંઈક અનોખું કર્યું.






મારા ફાર્મ હાઉસ પર મિત્રો એમના પાર્ટનર સાથે ભેગા થયા હતા તેમાં નવું આકર્ષણ જે હતું તે વ્હીસલિંગ સિંગીંગ હતું. તેમાં સિસોટીથી રાગ અને સુરમાં એવી રીતે ગાવાનું કે કયુ ગીત ગાવામાં આવે છે તેનો બધા ને જ ખ્યાલ આવી જાય. આ સેલિબ્રેશનમાં ગરબા અને ડાન્સ પણ કર્યો. લેડીઝે રંગોળી કરી તો પુરુષોએ તેમને હેલ્પ કરી. સાથે મળીને દિવા પ્રગટાવ્યા અને ફટાકડા ફોડયા તથા આતશબાજી કરી. મિત્રો પોતાના ઘરે થી દિવાળીના પરંપરાગત નાસ્તા જેમકે, ઘૂઘરા, ચોળાફળી, મઠીયા, થાપડા, સુંવાળી, ગોબાપુરી તો લાવ્યા જ હતા પણ ચટપટું ખાવા ઈડલી-વડા સાથે લાઈવ ઢોસાનું મેનુ સીઝનલ ફ્રૂટ્સનું કાઉન્ટર તથા નારિયેળ પાણી પણ રાખવામાં આવ્યું હતું.

### બાળકો માટે ખાસ સ્ટાર્ટર્સની વ્યવસ્થા





આવી પાર્ટીમાં ફ્રેન્ડ્સ પોતાના ફેમિલી મેમ્બર્સને પણ લઈ આવતા હોય. બાળકોને ભાવતા ફેન્સી ફૂડ સર્વ કરાતા હોય છે. તેમાં ફ્રેન્ચ ફ્રાઈસ, મેક્સિકન સમોસા, રશિયન રોલ્સ, સ્માઈલી, સિગાર રોલ્સ તો હોય જ સાથે રબડી, જલેબી, કલરિંગ રસગુલ્લા જેમકે, પિંક, યેલો, વ્હાઈટ રસગુલ્લા અને ચોકલેટ તથા બનાના પુડિંગ, સ્મૂધી બાઉલ સરસ મજાના કાંચના વાસણોમાં સજાવીને પાર્ટીના કાઉન્ટર પર ડિસ્પ્લે કરાતાં હોય છે.

### રિયલ ફ્લાવર્સની રંગોળી અને ડેકોરેશન

આવું પોસ્ટ દિવાળી સેલિબ્રેશન રેન્ડમલી કોઈ એક ફ્રેન્ડના ઘરે કે પછી તેના ફાર્મ હાઉસમાં કરાય છે. પાર્ટીને શાનદાર લુક આપવા રિયલ ફ્લાવર્સની રંગોળી કરાય છે અને ઘરમાં ડેકોરેશન પણ ફુલોનું જ હોય. ખાસ તો બે કલર યેલો અને સેફરોન કલરના ગલગોટા, ગુલાબ અને સેવંતીના ફૂલોની રંગોળી થાય છે. તો ફૂલોની સેર અને તોરણથી ઘરમાં ડેકોરેશન બધા જ ફ્રેન્ડ્સ સાથે મળીને કરે. લેન્ટર્ન (નાના નાના ફાનસ) જે ભવ્ય લુક આપે છે. ગાર્ડનને પણ ફુલોથી સજાવાય છે.

### શેરિંગ કરીને ફટાકડા લાવવામાં આવે



આવા સેલિબ્રેશનમાં તદ્દન દિવાળી જેવો માહોલ ઉભો કરવા ફ્રેન્ડ્સ ફટાકડા પણ સાથે ફોડતા હોય. જોકે, મોટા ફટાકડા ફોડવાનું ટાળવામાં આવે એની જગ્યાએ નાના અને કલરફુલ ફટાકડા કન્ટ્રીબ્યુશન કરીને લાવવામાં આવતા હોય છે. મોટાભાગે આવી પાર્ટી ઈવનિંગમાં એરેન્જ કરાતી હોય એટલે ફાયર ક્રેકર્સનું અટ્રેક્શન હોય પણ તનકતારા, ફુલઝડી, કોઠી, ચકરડી અને આકાશમાં ફલાવર બનતા હોય તેવી આતશબાજી કરાતી હોય છે.



### કોફી લવર્સ આ પ્રસંગે કોલ્ડ બ્રુ ટોનિક, લેમોનેડ જાતે બનાવે



સુરતમાં હવે કોફી લવર્સની અંખ્યાં વધતી જાય છે. તેઓ જ્યારે આવી પાર્ટી આયોજિત કરે ત્યારે પોતાનો કોફી પ્રેમ બતાવવા કોલ્ડ બ્રુ ટોનિક, બ્લેક કોફી, અમેરિકાનો વગેરે કોફી જાતે બનાવી સર્વ કરતા હોય છે. આ ઉપરાંત લેમોનેડ, મોઈતો વગેરે મોકટેલ્સ પણ જાતે બનાવી સર્વ કરતા હોય છે.



### દિવાળીના ટ્રેડિશનલ નાસ્તા દરેક ફ્રેન્ડ પોતાના ઘરેથી લાવે

દિવાળીમાં આપણે ત્યાં વર્ષોને વર્ષથી પરંપરાગત નાસ્તા જેમકે, ચોળાફળી, મઠીયા, સુંવાળી, ઘૂઘરા, મોહનથાળ, મગજ, જાડી સેવ, પૌઆનો ચેવડો, સક્કરપારા આ બધા નાસ્તા દરેક ફ્રેન્ડ પોતાના ઘરેથી લઈ આવતા હોય છે. ઉનો, અંતાક્ષરી, કેરમ, ચેસ આવી ઈન્ડોર ગેમ રમ્યા બાદ ડિનર લેવાતું હોય. ફેન્સી ખાવાનું એક તરફ અને આપણા દિવાળીના પારંપરિક નાસ્તાની વાત જ અલગ હોય છે.



---

મજ્જેની LIFE

# બેમોસમ વરસાદમાં પણ સુરતીઓના હાસ્ય ભીના કિસ્સા

છેલ્લાં બે-ત્રણ વર્ષથી આપણે અનુભવી રહ્યાં છીએ કે વરસાદ નવરાત્રી કરીને પછી જ વિદાય લે છે. જોકે, આ વખતે તો વરસાદે ભારે કરી, દિવાળીની મજા પણ લીધી અને દિવાળી બાદ પણ પોતાની બેટિંગ ચાલું રાખી. જ્યાં દિવાળી બાદ ગુલાબી ઠંડક દસ્તક આપતી હોય છે ત્યાં આ વખતે ભર ઉનાળો અનુભવવાની સાથે સુરતના લોકો પસીને ભીંજાયા પણ હતા અને ત્રણ-ચાર દિવસ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું આકાશ જોવા મળ્યું અને ક્યારેક ઝરમર તો ક્યારેક ભારે વરસાદ વરસતો જોયો. આ વરસાદે લોકોમાં કુતુહલ ઉભું કર્યું હતું ત્યાં વળી, દિવાળી વેકેશનના મૂડમાં સુરતી હતા તેમણે વરસતા વરસાદમાં ફરવાની મજા લીધી. તો બેમોસમના આ વરસાદમાં સુરતીઓ સાથે રમુજી કિસ્સા પણ બન્યા હતાં. બેમોસમ વરસાદને કેવા અનોખા અંદાજથી સુરતીઓએ જીવનભરનું સંભારણું બનાવ્યું તેને આપણે જાણીએ...



### શનિવારે દમણમાં અને રવિવારે સાપુતારામાં વરસતા વરસાદમાં ફોટોશૂટ કર્યું

વિશાલ જરીવાલાએ જણાવ્યું કે મેં, મારી લાઈફ પાર્ટનર અને બીજા ફ્રેન્ડ્સ સાથે બેમોસમ વરસાદમાં દમણ અને સાપુતારામાં ફરવાની મજા માણી. શનિવારે વરસાદ ઘેરાયો તો હતો જ બસ ત્યારે જ એક અમ્બ્રેલા લઈને કારમાં દમણ નીકળી પડ્યા. છાંટી છાંટી વરસાદમાં અમે અમ્બ્રેલા લઈને ફોટોશૂટ કર્યું હતું. દમણમાં વરસાદી વાતાવરણની મજા લેતાં લેતાં અમે મીઠા અને હળદરમાં આથેલી કેરી, ચણાદાળ, ભેળનો ટેસ્ટ લીધો. બીજા દિવસે સાપુતારામાં વરસાદની મજા લેવા ઉપડી ગયા ત્યાં તો વરસાદ પડે બંધ થાય. ફરી પડે ફરી બંધ થાય. ત્યારે તો અમે એક જ અમ્બ્રેલામાં 7 જણા વરસાદથી બચવાની ટ્રાય કરતા ઉભા રહેતાં.

### મૂહુર્ત કરીને ઘરે રિટર્ન થતી વખતે ગાડી બગડી, મોસમને માણવા ટપરી પર ચા પીધી

ડૉ. જોય ચોકસીએ જણાવ્યું કે અમે દર વર્ષે લાભ પાંચમ પર ક્લિનિકમાં મૂહુર્ત કરીએ. આ વખતે બપોરે ત્રણ વાગ્યાં સુધી સારું મૂહુર્ત હતું પણ ક્લીનીક પર જઈ શક્યા ની હતા. અમે 6 વાગ્યાં બાદ મૂહુર્ત કરવાનું નક્કી કર્યું. કારમાં પરિવાર સાથે ક્લિનિક ગયો હતો, ત્યાંથી બહાર નીકળ્યા તો વરસાદ જોરદાર પડતો હતો અને ગાડી બંધ પડી. મેં મારા ઓળખીતા મેકેનિકને બોલાવ્યો તેણે સ્થળ પર આવી ગાડી સ્ટાર્ટ કરી આપી પણ તે દરમિયાન અમે બાળકો સાથે ભીંજાવાની થોડી મજા લીધી. પછી વાઈફ સાથે ટપરી પર જઈને ગરમા ગરમ આદુ મસાલાવાળી ચા પીધી અને વરસતા વરસાદમાં લોન્ગ ડ્રાઈવ કર્યું.





### સુવાલી બીચ પણ ગયા હતાં અને ડુમસ પણ, કેમલ રાઈડિંગની મજા લીધી

ખુશ્બુ શાહે જણાવ્યું કે બે-ત્રણ દિવસથી વરસાદની હેલી વરસી તે થોડું શોકિંગ અને ડિફરન્ટ લાગ્યું કેમકે, દિવાળી પછી વરસાદ પહેલી વખત જ અનુભવ્યો પણ આ વરસાદ એટલા માટે ગમ્યો કે ફૂલ હોલીડે મૂડમાં હતાં. નવસારી અને નંદુરબારથી કઝીન્સ સુરત આવ્યા હતા અને તેમાં ઝરમર વરસાદ એટલે અમે તો 25થી 30 મેમ્બર્સ પહેલા સુવાલી બીચ પર ગયા અને પછી ડુમસ દરિયા કિનારે ગયા. વાતાવરણ અમેઝિંગ લાગતું હતું આવા આહલાદક વાતાવરણમાં ભીંજાતા ભીંજાતા કોર્ન, કોર્ન ભેળ, મેગી અને ચાની મસ્ત મજા લીધી. નારિયેળ પાણી પણ પીધું અને બીચ પર કેમલ રાઈડ, બાઈક રાઈડની પણ શાનદાર મજા માણી વરસાદનો એક યાદગાર અનુભવ લઈને ઘરે પાછા ફર્યા હતાં.

### બજારમાં કોઈ છત્રી ઉઠાવી ગયાનું લાગ્યું, ઝરમર વરસાદમાં ફટાકડા ફોડયા



અમરોલીમાં રહેતાં રોનીકા ચૌહાણ સાથે વરસાદમાં એક રમુજી કિસ્સો બન્યો હતો. તેમણે જણાવ્યું કે ચાલુ વરસાદમાં છત્રી લઈને હું ચાલતા ચાલતા ઓફિસ ગઈ હતી પછી એક લારી પર હું ફ્રૂટ્સ લેવા રોકાઈ એ વખતે મેં છત્રી નીચે મુકી હતી અને તે લેવાનું ભૂલી ગઈ. ઘરે જઈને યાદ આવતા ફરી તે જગ્યાએ ગઈ પણ છત્રી ચોરાઈ ગઈ હોવાનું લાગ્યું. થોડીવારમાં ઓળખીતા આંટી હસતા હસતા આવ્યા અને મને મારી છત્રી પકડાવતા કહ્યું કે મેં તારી સાથે મજાક કરવા તારું ધ્યાન નહીં હતું ત્યારે છત્રી ઉઠાવી લીધી હતી. પછી તો રાત્રે વરસાદમાં અમે આખા પરિવારે ફટાકડા ફોડવાની મજા લીધી હતી.